# <u>મહે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ કોર્ટ ગરૂડેશ્વર, જી.નર્મદા</u>

**ક્રિમીનલ કેસ– ૨૪૨/૨૦૨૬**
**આંક–૦૭**

**ફરીયાદી :** સરકારશ્રી

**વિરૂધ્ધ**

**આરોપી :** પ્રહલાદભાઈ તુલશીભાઈ તડવી
રહે.દેડકા ફળીયુ ઝરવાણી ગામ,તા.ગરૂડેશ્વર, જી. નર્મદા.

**ગુનો: બી.એન.એસ કલમ ૨૮૧ તથા એમ.વી.એક્ટ ૧૭૭,૩–૧૮૧**

---

આરોપી તરફે વિ.વ.શ્રી એસ. એ. ઠાકોર

---

## <u>જજમેન્ટ</u>

(૧) ફરીયાદપક્ષના કેસની તપાસના અંતે પોલીસે આરોપી સામે ઉપરોકત ગુન્હા અંગેનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ.

(૨) ત્યારબાદ આરોપીને સમન્સ બજતા આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં તેને કેસ પેપર્સની નકલો આપી સમરી ફોર્મમાં **આંક–૫** થી પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વૈચ્છિક રીતે અને કોઈપણ જાતના દબાણ કે ધાક ધમકી વગર ગુનાની કબુલાત કરેલ અને સદર કામ આજરોજ લોકઅદાલતમાં મુકવામાં આવેલ છે. **આંક–૬** થી ગુન્હા કબુલાતની પુરસીસ આપીને પોતાને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પુરતા કારણો હોવાનું જણાવેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતાં અને સમજાવવા છતાં પણ તેઓ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતા હોઈ ગુના કબુલાતની પુરસીસ રેકર્ડે લેવામાં આવેલ છે.

(૩) આરોપી સામે **બી.એન.એસ કલમ ૨૮૧ તથા એમ.વી.એક્ટ ૧૭૭,૩–૧૮૧** મુજબના ગુનાનું તહોમત છે. તેમજ આરોપીની **આંક–૬** ની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં

જણાવેલા કારણો ધ્યાને લેતાં આરોપી ગરીબ અને મધ્યમ વર્ગનો માણસ જણાય છે. તેમજ તે કુટુંબનો એક માત્ર કમાનાર સભ્ય છે, તેના શીરે તેના કુટુંબના ભરણ પોષણની જવાબદારી છે, તેઓનો આ પ્રથમ ગુનો હોવાનું જણાવતા હોય,આથી જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે.

(૪) **નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરજી ઠાકોર ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નંબર ૭૦૯ પ્રસિધ્ધ થયેલ ચુકાદા**માં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લઈ નકકી કરેલી ઓછામાં ઓછી સજા કરતાં ઓછી સજા કરીને, ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોય તેમજ ઉપરોકત તમામ સંજોગોને ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## **:: હુકમ ::**

આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૨૭૫ અન્વયે **બી.એન.એસ.ની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટની કલમ ૧૭૭,૩–૧૮૧** મુજબના શિક્ષા પાત્ર ગુના અંગે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને **રૂ. ૪૦૦/–** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ **૧૧ મી, માહે જુલાઈ, સને ૨૦૨૬** નાં રોજ નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૧/૦૭/૨૦૨૬
સ્થળઃ ગરૂડેશ્વર

(કે.એન.પુરાણી)
જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ગરૂડેશ્વર, જી.નર્મદા
જીજે.૦૧૫૨૮